રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" નાં લાભાર્થીઓ પાસેથી પ્રતિક ફાળો ન લેવા બાબત

ગુજરાત સરકાર

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઠરાવ ક્રમાંક:આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ: 18 JAN 2014

વંચાણે લીધા:

(૧) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૧૬/૦૨/૧૯૯૬

(૨) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૧૬/૦૬/૧૯૯૯

(૩) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૦૧/૦૧/૨૦૦૦

(૪) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૧૮/૦૬/૨૦૧૨

(૫) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાનો પત્ર ક્ર: GUVNL/TEC/ZUP/1672, તા. ૦૬/૦૮/૨૦૧૩

**<u>પ્રસ્તાવના:</u>**

રાજ્યનાં શહેરી તેમજ ગ્રામિણ વિસ્તારોમાં રહેતા કોઇપણ જાતિનાં ગરીબ કુટુંબોને રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત નિઃશુલ્ક ગૃહ વપરાશ વીજજોડાણની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સરકારશ્રીનાં વંચાણે લીધેલ ક્રમાંક:૩ સામેનાં ઠરાવની જોગવાઇ અનુસાર આ યોજનાઓ અંતર્ગત વીજ જોડાણનો લાભ મેળવનાર શહેરી વિસ્તારનાં લાભાર્થીઓ પાસેથી રૂ. ૧૦૦/- તેમજ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓ પાસેથી રૂ. ૫૦/- નો પ્રતિક ફાળો લેવામાં આવે છે.

પ્રતિક ફાળાની આ રકમ શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવે છે. આ રકમ આ સંસ્થાઓ પોતાની પાસે રાખે છે, અને વીજ કંપનીઓને વીજ જોડાણની સુવિધા પેટે કોઇ રકમ ચૂકવવામાં આવતી નથી. સ્થાનિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પ્રતિક ફાળાની રકમ ન લેવાની બાબત સરકારશ્રીની સઘન વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આથી પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત નિ:શુલ્ક વીજ જોડાણ મેળવનાર શહેરી વિસ્તારનાં લાભાર્થીઓ પાસેથી મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા લેવામાં આવતા રૂ. ૧૦૦/- પ્રતિક ફાળો તેમજ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓ પાસેથી તાલુકા પંચાયત દ્વારા લેવામાં આવતા રૂ. ૫૦/- નાં પ્રતિક ફાળાની રકમ લાભાર્થીઓ પાસેથી ન લેવાનું આથી ઠરાવવામાં આવે છે.

હવેથી આ યોજનાઓનો લાભ લેવા ઇચ્છતા શહેરી વિસ્તારનાં લાભાર્થીઓએ સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાની કચેરીમાં તથા ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓએ સંબંધિત તાલુકા પંચાયતની કચેરીમાં માત્ર નિર્ધારીત ફોર્મ ભરી નોંધણી કરાવવાની રહેશે. તે માટે કોઇ પણ ફી કે પ્રતિક ફાળો ચૂકવવાનો રહેશે નહીં. નોંધાયેલા લાભાર્થીઓ પૈકી પાત્રતા ધરાવતા લાભાર્થીઓનાં ફોર્મ સહિતની યાદી શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફિસરશ્રી દ્વારા તથા ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા પંચાયત દ્વારા સંબંધિત વીજ વિતરણ કંપનીને મોકલવાની રહેશે.

લાભાર્થીઓની યાદી મળ્યા પછી સંબંધિત વીજ વિતરણ કંપનીએ યોજનાનાં નિયત ધારાધોરણો અનુસાર વીજ જોડાણની કામગીરી હાથ ધરવાની રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

( એચ. એફ. ગાંધર્વ )
સરકારનાં સંયુક્ત સચિવ
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ:

- નામદાર રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રા. ક. મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષનાં નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, સે.૧૦, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સીલેક્ટ ફાઇલ